# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

**પરિપત્ર નં.૯૬ તા. ૩-૧૧-૧૭**

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

**વિષય :-મતદાન જાગૃતિ અંગેના કાર્યક્રમો**

આથી મ્યુનિ. શાળાના તમામ મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવાનું કે, હાલમાં વિધાનસભાની ચુંટણીઓની આચારસંહિતા ચાલી રહી છે. મતદાન જાગૃતિ અભિયાન કાર્યક્રમ અંતર્ગત મ્યુ. શાળાઓમાં આ સાથેના કાર્યક્રમ મુજબ મતદાર જાગૃતિના કાર્યક્રમો કરવાના રહેશે. આ કાર્યક્રમમાં જણાવેલ અમલીકરણ અધિકારીશ્રી પાસેથી વિસ્તૃત માહિતી મેળવી લેવાની રહેશે. રંગોળી હરિફાઇ અને ચિત્ર હરિફાઇના વિષયો નીચે મુજબના રહેશે. આ સ્પર્ધાઓના વિષયો નીચે મુજબના રહેશે.

૧. ચાલો મતદાન કરીએ
૨. 'મતાધિકાર' - મજબૂત લોકશાહીનો પાયો
૩. મતદાન મથકની મુલાકાત

સ્પર્ધાના સામાન્ય નિયમો નીચે મુજબ છે.

**રંગોળી સ્પર્ધા :-**

૧. ધો.૧થી૫ના વિદ્યાર્થીઓએ પુરવાની રહેશે.
૨. દરેક મુખ્ય શિક્ષકે શાળામાંથી પસંદ કરેલ એક રંગોળીનો ફોટો પોતાના બીટના સુપરવાઇઝરશ્રીને મોકલી આપવાનો રહેશે.
૩. રંગોળી ૨ x ૨ (ચો.ફૂટ)ની સાઇઝમાં પુરવાની રહેશે.
૪. સુપરવાઇઝરશ્રીએ રંગોળી સ્પર્ધા દરમિયાન શાળાની મુલાકાત લેવાની રહેશે.
૫. શાળા કક્ષાએ પસંદ કરેલ પ્રથમ કૃતિએ બીટ કક્ષાએ રંગોળી દોરવા આવવાનું રહેશે. જેના સ્થળની જાણ બીટ સુપરવાઇઝરશ્રી દ્વારા કરાશે.
૬. બીટ કક્ષાએ તથા ઝોન કક્ષાએ પ્રથમ ત્રણ વિજેતા આ શાળાઓ ક્રમશઃ આગળની બીટ તથા ઝોન કક્ષાએ ભાગ લેવાનો રહેશે.

આ અંગે વિશેષ માહિતી માટે અમલીકરણ અધિકારીશ્રીનો સંપર્ક કરવો.

**ચિત્ર સ્પર્ધા :-**

૧. તા.૭/૧૧/૧૭ના રોજ ધો.૧થી૫ના બાળકો માટે ઉપરોક્ત વિષય પર એ-૪ સાઇઝના કાગળમાં શાળા કક્ષાએ ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવાનું રહેશે.
૨. ચિત્ર સ્પર્ધામાં શાળા કક્ષાએ વિજેતા નિવડનાર વિદ્યાર્થીનું નામ દિન-૩માં જે-તે બીટ સુપરવાઇઝરશ્રીને મોકલી આપવાનાં રહેશે.
૩. બીટ કક્ષાએ, ઝોનકક્ષાએ તથા શહેરકક્ષાએ ક્રમશઃ પ્રથમ ત્રણ વિજેતા બાળકોની સ્પર્ધા યોજવામાં આવશે.
૪. આ વિદ્યાર્થીઓને ચિત્ર સ્પર્ધા અંગેના કાગળ તથા કલર શાળાએ આપવાના રહેશે.

આ અંગે વિશેષ માહિતી માટે અમલીકરણ અધિકારીશ્રીનો સંપર્ક કરવો.

**સ્કાઉટ બેન્ડ રેલી :- મ્યુ. સ્કૂલબોર્ડમાં સ્કાઉટ પ્રવૃતિ ચાલે છે. તેમના દ્વારા પણ મતદાર જાગૃતિ.**

સ્કાઉટ બેન્ડ રેલી નીચે દર્શાવ્યા અનુસાર ઝોનવાર યોજવામાં આવશે. રેલી અંગેની તમામ આવશ્યક વ્યવસ્થા જેવી કે સ્કાઉટ બેન્ડ, પ્લેકાર્ડ,બસની વ્યવસ્થા વગેરે તમામ વ્યવસ્થા રેલીનું સંકલન સ્કાઉટ ઓર્ગેનાઈઝીંગ કમિશનરશ્રી કપુરકુમાર આર. વર્મા (મો.નં.૭૨૨૭૮૦૩૬૭૮) કરશે.

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

| ઝોન | સ્કાઉટ બેન્ડ રેલીની તારીખ | સ્કાઉટ બેન્ડ રેલીનું પ્રસ્થાન સ્થળ | જવાબદાર સંકલન કર્તા સ્કાઉટરશ્રીનું નામ |
|---|---|---|---|
| ઉત્તર | ૧૦-૧૧-૨૦૧૭/શુક્રવાર | સરસપુર શાળા નં.૭ | શ્રી રાજેન્દ્રભાઈ રાઠોડ |
| દક્ષિણ | ૧૧-૧૧-૨૦૧૭/શનિવાર | કાંકરીયા ગુ.૧ | શ્રી સંજયભાઈ શુક્લ |
| પૂર્વ | ૧૩-૧૧-૨૦૧૭/સોમવાર | અંબિકાનગર ગુ.૧ | શ્રી પ્રકાશભાઈ પટેલ |
| પશ્ચિમ | ૧૫-૧૧-૨૦૧૭/બુધવાર | વાડજ ગુ.૧ | શ્રી દિવ્યેશભાઈ ભટ્ટ |
| મધ્ય | ૧૬-૧૧-૨૦૧૭/ગુરૂવાર | અસારવા ગુ.૨૩ | શ્રી રાજેન્દ્રભાઈ રાઠોડ |
| હિન્દી | ૧૭-૧૧-૨૦૧૭/શુક્રવાર | બાપુનગર હિ.૮ | શ્રી જગદીશભાઈ મહાવર |
| ઉર્દૂ | ૧૮-૧૧-૨૦૧૭/શનિવાર | વટવા ઉ.૨ | મોહંમદ તૈયબ |

**સંકલ્પ પત્રો વાલી પાસે ભરાવવા :-**

વિદ્યાર્થીઓના વાલીઓએ મતદાન કરવાનું છે. પ્રત્યેક નાગરિક મતદાન કરે તે ઇચ્છનીય છે. આથી વિદ્યાર્થીઓના વાલીઓ પાસે સંકલ્પ પત્રો ભરાવવાનાં છે. જેની નકલ આ સાથે સામેલ છે. જે બીટ પટાવાળા દ્વારા મોકલવામાં આવશે.

**મતદાર જાગૃતિ માટેની બાઈક/ એક્ટિવા/ સ્કૂટર રેલી :-**

૧. તા.૧૪/૧૧/૨૦૧૭ના રોજ વલ્લભ સદન,આશ્રમરોડ ખાતેથી બાઇક / એક્ટિવા/ સ્કૂટર રેલી મતદાર જાગૃતિ માટે પ્લેકાર્ડ, બેનર તથા પત્રિકાઓ સાથે કાઢવામાં આવશે. આ રેલીમાં માત્ર બહેનોએ જ ભાગ લેવાનો રહેશે.

૨. તા.૨૧/૧૧/૨૦૧૭ના રોજ વીર સાવરકર વ્યાયામ સંકુલ,મેમ્કો ચાર રસ્તાથી મતદાર જાગૃતિ માટેની બાઈક/ એક્ટિવા/ સ્કૂટર રેલી યોજવામાં આવશે.

૩. તા.૨૮/૧૧/૨૦૧૭ના રોજ એમ.જે.લાઈબ્રેરી થી નહેરુબ્રિજ સુધી માનવ સાંકળ રચીને મતદાર જાગૃતિ કરવામાં આવશે.

ઉપરોક્ત ત્રણેય કાર્યક્રમોમાં જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી,અમદાવાદ(શહેર તથા ગ્રામ્ય), જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીની કચેરી તથા ન.પ્રા.શિ.સમિતિ,અમદાવાદના સંયુક્ત ઉપક્રમે યોજાનાર છે. આ અંગેની વિસ્તૃત માહિતી હવે પછી જણાવવામાં આવશે.

તા.૩-૧૧-૧૭

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

**મતદારોએ લેવાનો સંકલ્પ**

અમે,ભારતના નાગરિકો લોકશાહી તંત્રમાં શ્રધ્ધા રાખીને આથી સંકલ્પ કરીએ છીએ કે, અમે અમારા દેશની લોકતાંત્રિક પરંપરાઓની મુક્ત,ન્યાયી તેમજ શાંતિપૂર્ણ ચૂંટણીઓની ગરીમા જાળવીશું.તેમજ દરેક ચૂંટણીમાં નિર્ભયતાપૂર્વક અને ધર્મ,વંશ,જ્ઞાતિ,જાતિ,ભાષા કે અન્ય કોઈપણ પ્રકારના પ્રલોભનથી પ્રભાવિત થયા સિવાય મતદાન કરીશું.

## VOTERS PLEDGE

We,the citizens of India,having abiding faith in democracy,hereby pledge to uphold the democratic traditions of out country and the dignity of free,fair and peaceful elections,and to vote in every election fearlessly and without being influenced by considerations of religion,race,caste,community,language or any inducement.

---

શાળાનું નામ :-

વિદ્યાર્થીનું નામ :- ધોરણ :-

વાલીનું નામ :-

શાળાના મુખ્ય શિક્ષકશ્રીનો સહી/સિક્કો

## મતદાન જાગૃતિ અંગેની પ્રવૃત્તિઓ

| તારીખ | મતદાન જાગૃતિ પ્રવૃત્તિ | બીટ /ઝોન /શાળા /શહેર કક્ષા | અમલીકરણ અધિકારી | મોબાઇલ નંબર |
|---|---|---|---|---|
| તા.૬/૧૧/૨૦૧૭ | રંગોલી હરિફાઇ (ધો.૧ થી ૫) | શાળા કક્ષા (૧ થી ૫) | શ્રી દિનેશભાઇ દેસાઇ (મદદનીશ શાસનાધિકારી) | ૯૪૨૬૩૬૬૦૮૮ |
| તા.૭/૧૧/૨૦૧૭ | ચિત્ર હરિફાઇ (ધો.૧ થી ૫) | શાળા કક્ષા (૧ થી ૫) | શ્રી ચંદ્રકાંતભાઇ ગામેતી (મદદનીશ શાસનાધિકારી) | ૯૪૨૯૨૫૪૪૫૦ |
| તા.૮/૧૧/૨૦૧૭ | સંકલ્પ પત્રો વાલી પાસે ભરાવવા (આશરે ૧ લાખ) | શાળા કક્ષા | ડૉ.અશ્વિનભાઇ ત્રિવેદી (નાયબ શાસનાધિકારી) | ૯૩૭૪૦૭૩૩૭૦ |
| તા.૯/૧૧/૨૦૧૭ | મતદાન જાગૃતિ અંગેની પ્રાર્થના સભામાં સમજૂતી | શાળા કક્ષા | ડૉ.અશ્વિનભાઇ ત્રિવેદી (નાયબ શાસનાધિકારી) | ૯૩૭૪૦૭૩૩૭૦ |
| તા.૧૦/૧૧/૨૦૧૭ | સ્કાઉટ બેન્ડ રેલી (આશરે ૫૦૦ વિદ્યાર્થી) | ઉત્તરઝોન | ડૉ.સત્યન્દ્રસિંહ ઠાકુર (નાયબ શાસનાધિકારી) | ૯૩૭૪૦૭૩૩૭૩ |
| તા.૧૧/૧૧/૨૦૧૭ | સ્કાઉટ બેન્ડ રેલી (આશરે ૫૦૦ વિદ્યાર્થી) | દક્ષિણઝોન | ડૉ.સત્યન્દ્રસિંહ ઠાકુર (નાયબ શાસનાધિકારી) | ૯૩૭૪૦૭૩૩૭૩ |
| તા.૧૩/૧૧/૨૦૧૭ | સ્કાઉટ બેન્ડ રેલી (આશરે ૫૦૦ વિદ્યાર્થી) | પૂર્વઝોન | ડૉ.સત્યન્દ્રસિંહ ઠાકુર (નાયબ શાસનાધિકારી) | ૯૩૭૪૦૭૩૩૭૩ |
| તા.૧૪/૧૧/૨૦૧૭ | બાઇક / સ્કૂટર / એકટીવા રેલી -<br>ચારેય કચેરીઓના સંયુક્ત ઉપક્રમે (સંખ્યા આશરે ૧૦૦૦) | બહેનો (શહેર કક્ષા)<br>પ્રસ્થાન સ્થળઃ વલ્લભ સદન, આશ્રમ રોડ | ડૉ.અશ્વિનભાઇ ત્રિવેદી (નાયબ શાસનાધિકારી) | ૯૩૭૪૦૭૩૩૭૦ |
| તા.૧૫/૧૧/૨૦૧૭ | સ્કાઉટ બેન્ડ રેલી (આશરે ૫૦૦ વિદ્યાર્થી) | પશ્ચિમઝોન | ડૉ.સત્યન્દ્રસિંહ ઠાકુર (નાયબ શાસનાધિકારી) | ૯૩૭૪૦૭૩૩૭૩ |
| તા.૧૬/૧૧/૨૦૧૭ | સ્કાઉટ બેન્ડ રેલી (આશરે ૫૦૦ વિદ્યાર્થી) | મધ્યઝોન | ડૉ.સત્યન્દ્રસિંહ ઠાકુર (નાયબ શાસનાધિકારી) | ૯૩૭૪૦૭૩૩૭૩ |
| તા.૧૭/૧૧/૨૦૧૭ | સ્કાઉટ બેન્ડ રેલી (આશરે ૫૦૦ વિદ્યાર્થી) | હિન્દીઝોન | ડૉ.સત્યન્દ્રસિંહ ઠાકુર (નાયબ શાસનાધિકારી) | ૯૩૭૪૦૭૩૩૭૩ |
| તા.૧૮/૧૧/૨૦૧૭ | સ્કાઉટ બેન્ડ રેલી (આશરે ૫૦૦ વિદ્યાર્થી) | ઉર્દૂઝોન | ડૉ.સત્યન્દ્રસિંહ ઠાકુર (નાયબ શાસનાધિકારી) | ૯૩૭૪૦૭૩૩૭૩ |
| તા.૨૦/૧૧/૨૦૧૭ | દિવ્યાંગ સંસ્થાઓમાં મતદાન જાગૃતિ અર્થે સંપર્ક | શહેરકક્ષા | ડૉ.અશ્વિનભાઇ ત્રિવેદી (નાયબ શાસનાધિકારી) | ૯૩૭૪૦૭૩૩૭૦ |
| તા.૨૧/૧૧/૨૦૧૭ | બાઇક / સ્કૂટર / એકટીવા રેલી ભાઇઓ<br>(ચારેય કચેરીઓના સંયુક્ત ઉપક્રમે) (સંખ્યા આશરે ૧૦૦૦) | ભાઇઓ (શહેરકક્ષા )<br>પ્રસ્થાન સ્થળઃ મેમ્કો ચાર રસ્તા | ડૉ.અશ્વિનભાઇ ત્રિવેદી (નાયબ શાસનાધિકારી) | ૯૩૭૪૦૭૩૩૭૦ |
| તા.૨૨/૧૧/૨૦૧૭ | રંગોલી હરિફાઇ (ધો.૧ થી ૫) | બીટકક્ષા | શ્રી દિનેશભાઇ દેસાઇ (મદદનીશ શાસનાધિકારી) | ૯૪૨૬૩૬૬૦૮૮ |
| તા.૨૩/૧૧/૨૦૧૭ | ચિત્ર હરિફાઇ (ધો.૧ થી ૫) | બીટકક્ષા | શ્રી ચંદ્રકાંતભાઇ ગામેતી (મદદનીશ શાસનાધિકારી) | ૯૪૨૯૨૫૪૪૫૦ |
| તા.૨૪/૧૧/૨૦૧૭ | રંગોલી હરિફાઇ (ધો.૧ થી ૫) | ઝોનકક્ષા | શ્રી દિનેશભાઇ દેસાઇ (મદદનીશ શાસનાધિકારી) | ૯૪૨૬૩૬૬૦૮૮ |
| તા.૨૫/૧૧/૨૦૧૭ | ચિત્ર હરિફાઇ (ધો.૧ થી ૫) | ઝોનકક્ષા | શ્રી ચંદ્રકાંતભાઇ ગામેતી (મદદનીશ શાસનાધિકારી) | ૯૪૨૯૨૫૪૪૫૦ |
| તા.૨૭/૧૧/૨૦૧૭ | વીવીપેટ-પેમ્ફલેટ દ્વારા જાગૃતિ શાળાની આસપાસની વિસ્તારમાં | શાળા કક્ષા | ડૉ.અશ્વિનભાઇ ત્રિવેદી (નાયબ શાસનાધિકારી) | ૯૩૭૪૦૭૩૩૭૦ |
| તા.૨૮/૧૧/૨૦૧૭ | માનવ સાંકળ<br>ચારેય સંસ્થાઓના સંયુક્ત ઉપક્રમે ( સંખ્યા આશરે ૧૦૦૦) | ભાઇઓ- બહેનો (શહેરકક્ષા )<br>સ્થળ : એમ.જે.લાઇબ્રેરી થી નહેરુબ્રિજ | ડૉ.અશ્વિનભાઇ ત્રિવેદી (નાયબ શાસનાધિકારી) | ૯૩૭૪૦૭૩૩૭૦ |
| તા.૨૯/૧૧/૨૦૧૭ | રંગોલી હરિફાઇ (ધો.૧ થી ૫) | શહેરકક્ષા | શ્રી દિનેશભાઇ દેસાઇ (મદદનીશ શાસનાધિકારી) | ૯૪૨૬૩૬૬૦૮૮ |
| તા.૩૦/૧૧/૨૦૧૭ | ચિત્ર હરિફાઇ (ધો.૧ થી ૫) | શહેરકક્ષા | શ્રી ચંદ્રકાંતભાઇ ગામેતી (મદદનીશ શાસનાધિકારી) | ૯૪૨૯૨૫૪૪૫૦ |

તમામ કાર્યક્રમોનું સંકલન ડૉ.અશ્વિનભાઇ ત્રિવેદી (નાયબ શાસનાધિકારી) કરશે.